વર્ષ: ૨૦૨૨-૨૩ ના ન્યુ ગુજરાત પેટર્ન ૧૦% રાજ્યકક્ષાના કામો મંજૂર કરવા બાબત

ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક : એનજીપી/૨૦૨૨/આયોજન/પી
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :૨૧/૧૦/૨૦૨૨

વંચાણે લીધા :

(૧) આદિજાતિ વિકાસ વિભાગના તા: ૦૮/૦૫/૨૦૧૨ ના ઠરાવ ક્રમાંક: એન.જી.પી/૯૯૧૦/૪૪૫/૧૩૯/પ.

(૨) આદિજાતિ વિકાસ વિભાગના તા: ૨૯/૦૬/૨૦૧૩ ના ઠરાવ ક્રમાંક: એન.જી.પી/૯૯૧૦/૪૪૫/૧૩૯/પ.

(૩) આદિજાતિ વિકાસ વિભાગના તા: ૦૭/૧૦/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક: એન.જી.પી/૨૦૨૨/આયોજન/પી

(૪) નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા. ૨૬/૦૭/૨૦૨૨નો પત્ર ક્રમાંક: અવક/વિમુવિ /ગુ.પે. (રા.ક.)/ફા.નં.૨૧/૨૦૨૨-૨૩/૯૫૦

(૫) નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા. ૨૦/૦૮/૨૦૨૨નો પત્ર ક્રમાંક: અવક/વિમુવિ /ગુ.પે. (રા.ક.)/ફા.નં.૨૧/૨૦૨૨-૨૩/૧૨૩૦

(૬) નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા. ૦૬/૦૯/૨૦૨૨નો પત્ર ક્રમાંક: અવક/વિમુવિ /ગુ.પે. (રા.ક.)/ફા.નં.૨૧/૨૦૨૨-૨૩/૧૩૭૩

(૬) નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા. ૧૦/૧૦/૨૦૨૨નો પત્ર ક્રમાંક: અવક/વિમુવિ /ગુ.પે. (રા.ક.)/ફા.નં.૨૧/૨૦૨૨-૨૩/૧૭૮૭

(૭) નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા. ૧૩/૧૦/૨૦૨૨નો પત્ર ક્રમાંક: અવક/વિમુવિ /ગુ.પે. (રા.ક.)/ફા.નં.૨૧/૨૦૨૨-૨૩/૧૮૩૩

(૮) નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા. ૧૭/૧૦/૨૦૨૨નો પત્ર ક્રમાંક: અવક/વિમુવિ /ગુ.પે. (રા.ક.)/ફા.નં.૨૧/૨૦૨૨-૨૩/૧૮૮૭-૮૮

**પ્રસ્તાવના:**

ન્યુ ગુજરાત પેટર્ન યોજના હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ના રાજ્યકક્ષાના કામો માટેની ૧૦% જોગવાઈ મુજબ કુલ રૂ. ૩૫૭૪.૨૯ લાખની રકમની જોગવાઇ કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત કામોની મંજૂરી માટે દર વર્ષે માન. મંત્રીશ્રી(આ.વિ.)ની અધ્યક્ષતામાં બેઠક કરી કામો મંજૂર

કરવામાં આવે છે. જે અંતર્ગત વર્ષ: ૨૦૨૨-૨૩ના ન્યુ ગુજરાત પેટર્ન ૧૦% રાજ્યકક્ષાના કામો માટે રૂ. ૩૫૭૪.૨૯ લાખના કામો મંજૂર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

ઉક્ત વંચાણે લીધા ક્રમાંક: (૪) થી (૮) ની નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરી તરફથી મળેલ દરખાસ્તો તથા વંચાણે લીધા ક્રમાંક: (૧) અને (૨)ના ઠરાવ અનુસાર વર્ષ: ૨૦૨૨-૨૩ના ન્યુ ગુજરાત પેટર્ન ૧૦% રાજ્યકક્ષાના કામો માટે રૂ.૨૦૬૮.૫૪ લાખ (રૂ. બે હજાર અડસઠ લાખ ચોપન હજાર પૂરા)ના કામોને વંચાણે લીધા ક્રમાંક: (૩) ના ઠરાવથી મંજૂરી આપેલ હતી. હવે બાકી રહેતા રૂ. ૧૫૦૫.૭૫ લાખના કામોના આયોજન પૈકી રૂ. ૧૩૨૪.૩૮ લાખ( રૂ. એક હજાર ત્રણસો ચોવીસ લાખ આડત્રીસ હજાર પૂરા) ની રકમની જોગવાઇને નીચેની શરતોને આધીન ફાળવવાની, આ સાથે સામેલ પરિશિષ્ટ: (અ) મુજબનાં કુલ ૯૧ કામોને આથી સરકારશ્રીની મંજૂરી આપવામાં આવે છે તથા ઉક્ત વંચાણે લીધા ક્રમાંક: (૩) પરના ઠરાવના મંજૂર થયેલ કામો પૈકી પરિશિષ્ટ: (બ) મુજબના કામોમાં અમલીકરણ એજન્સીમાં ફેરફાર કરવામાં આવે છે. ન્યુ ગુજરાત પેટર્ન યોજના હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ના રાજ્યકક્ષાના કામો માટેની ૧૦% જોગવાઈ મુજબ રૂ. ૩૫૭૪.૨૯ લાખ પૈકી બાકી રહેતા રૂ. ૧૮૧.૩૭ લાખના કામોના આયોજન અંગેની કાર્યવાહી હવે પછી માન.મંત્રીશ્રી(આ.વિ.)ની અધ્યક્ષતામાં યોજાનાર બેઠકમાં કરવામાં આવશે.

શરતો:

(૧) પ્રાયોજના વહીવટદારશ્રી તેમજ અમલીકરણ અધિકારીશ્રીઓએ દરેક કામની સ્થળ તપાસ કરી સૈધ્ધાંતિક મંજૂર થયેલ કામો બેવડાય નહી તેની પ્રથમ ખાતરી કરવાની રહેશે. સદર મંજૂર થયેલ કામો અન્ય કોઇ યોજના(ભારત સરકાર/ગુજરાત સરકાર) હેઠળ મંજૂર/પ્રગતિમાં/પૂર્ણ થયેલ હોય તો તેવા કામોને રદ કરવાના રહેશે.

(૨) પ્રાયોજના વહીવટદારશ્રીએ અમલીકરણ અધિકારીશ્રીઓ પાસેથી વિગતવાર તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે. તેમજ ન્યુ ગુજરાત પેટર્નના તા.૦૮/૦૫/૨૦૧૨ના ઠરાવથી નક્કી કરેલ સક્ષમ સત્તાધિકારીએ વહીવટી મંજૂરી આપવાની રહેશે.

(૩) માર્ગ અને મકાન વિભાગ, સિંચાઇ વિભાગ તેમજ સંબંધિત વિભાગોએ કામોના અંદાજો/તાંત્રિક મંજૂરી/નક્શા અંદાજો જે તે લાઇન ડિપાર્ટમેન્ટની પ્રવર્તમાન નિયમોની મર્યાદામાં રહીને મંજૂરી આપવાની રહેશે તથા જે તે વિભાગની તાંત્રિક મંજૂરીની ચુસ્ત અમલવારી કરવાની રહેશે.

(૪) અમલીકરણ અધિકારી/સ્વૈચ્છિક સંસ્થાઓએ કામોનો માસિક પ્રગતિ અહેવાલ જે તે પ્રાયોજના વહીવટદારશ્રીને મોડામાં મોડા ૧૦ તારીખ સુધીમાં મોકલી આપવાનો રહેશે. પ્રાયોજના વહીવટદારશ્રીએ ત્રિમાસિક સંકલિત પ્રગતિ અહેવાલ નિયામકશ્રી, આદિજાતિ વિકાસને નિયત પત્રકમાં રજૂ કરવાનો રહેશે. તેમજ તેની નકલ આદિજાતિ વિકાસ વિભાગને ઇ-મેઇલ: p-branch-tdd@gujarat.gov.in મોકલી આપવાની રહેશે.

(૫) મંજૂર થયેલા કામો માટે સબંધિત વિભાગ તરફથી જે યુનિટ કોસ્ટ અને ધારા ધોરણ નક્કી થયેલ હોય તે મુજબ જ વહીવટી મંજૂરી આપવાની રહેશે. દા.ત. કોમ્પ્યુટર ખરીદી માટે સાયન્સ અને ટેક વિભાગ દ્વારા નિયત થયેલ કોસ્ટ, સોલારની આઇટમો માટે GEDA દ્વારા નિયત થયેલા ભાવો, શાળાના ઓરડાઓ માટે શિક્ષણ વિભાગ દ્વારા નિર્ધારિત, આંગણવાડી માટે મહિલા અને બાળ વિભાગ દ્વારા, માર્ગો અને મકાનો માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા, ચેકડેમ માટે સિંચાઈ વિભાગ દ્વારા નિર્ધારિત યુનિટ કોસ્ટ અને ધારાધોરણ મુજબ વહીવટી મંજૂરી આપવાની રહેશે. તેમજ પરિશિષ્ટ. અ મુજબના મંજૂર કામો પૈકી ક્રમ.૫૮ પરના કામની વિગતે આદિજાતિ ખેડૂતો/એફ.આર.એ.ના ખેડૂતોને ખેત ઉપયોગી સામુહિક બાયોગેસ પ્લાન્ટ બનાવી આપવાની યોજના માટે સબંધિત વિભાગની માન્ય યુનિટ કોસ્ટ અને ધારાધોરણ મુજબ વિગતવાર દરખાસ્ત તૈયાર કરીને સરકારશ્રીની મંજૂરી મેળવવાની રહેશે.

(૬) મંજૂર થયેલ કામો જેવા કે કોમ્પ્યુટર લેબ/સીસીટીવી/સેનેટરી નેપકીન વેંડીંગ મશીન વગેરેની ખરીદી બાબત અગર સાધનો કોઇ કારણસર બંધ પડેલ હોઇ તો તેનો કાર્યાન્વિત કરી ઉપયોગ કરવો અને બિનજરૂરી નવી ખરીદી ટાળવાની રહેશે.

(૭) મંજૂર થયેલ કામ બિનસરકારી સંસ્થાઓ(NGO) દ્વારા ન કરતા સબંધિત વિભાગીય કચેરીઓ/પ્રાયોજના કચેરી/આદિજાતિ વિભાગના મદદનીશ કમિશ્નરશ્રીઓ દ્વારા જ અમલીકરણ કરવાના રહેશે.

(૮) તમામ કામોનુ અલગ-અલગ તબક્કાવાર યોગ્ય દસ્તાવેજીકરણ કરવાનુ રહેશે. જ્યા લાગુ પડતું હોઇ તેવા કામોમાં ભૌગોલિક સ્થાન (Geolocation) સાથેના ફોટોગ્રાફ્સ લેવાના રહેશે તથા અમલીકરણ એજન્સીઓ દ્વારા કાર્ય પૂર્ણતા પ્રમાણપત્ર (Work Completion Certificate) આપવાના રહેશે.

(૯) આ અંગેનો ખર્ચ સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૧૦) આ મંજૂરી અંગે કરવાનાં થતાં ખર્ચ અંગે નાણાંકિય ઔચિત્યના સિધ્ધાંતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

વર્ષ: ૨૦૨૨-૨૩ના ન્યુ ગુજરાત પેટર્ન ૧૦% રાજ્યકક્ષાની જોગવાઇ અંતર્ગત મંજૂર થયેલ કામોની વિગતવાર યાદી-પરિશિષ્ટ: (અ) તથા ફેરફાર કરેલા કામોની યાદી-પરિશિષ્ટ: (બ) આ સાથે સામેલ છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર તા. ૨૧/૧૦/૨૦૨૨ ના રોજ ન્યુ ગુજરાત પેટર્ન હેઠળની રાજ્યકક્ષાના કામોની પસંદગી સમિતિ દ્વારા મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દીપ પટેલ)
ઉપસચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

બિડાણ: પરિશિષ્ટ: (અ) અને પરિશિષ્ટ: (બ)

<u>નકલ રવાના :</u>

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (આ.વિ.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- સંબંધિત પ્રાયોજના વહીવટદારશ્રીઓ (નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન મારફત)
- સંબંધિત તિજોરી અધિકારીશ્રીઓ (સંબંધિત જિલ્લા) (નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ, રાજકોટ.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ.

# પરિશિષ્ટ: અ

## ન્યુ. ગુજરાત પેટર્ન હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ના રાજ્યકક્ષાના ૧૦% રકમની જોગવાઇ અંતર્ગત મંજૂર કામોની યાદી

| ક્રમ | પ્રાયોજના / કચેરી | અમલીકરણ અધિકારી | કામની વિગત | મંજૂર રકમ રૂ. લાખમાં | કામગીરીની વિગત | ગામ/ તાલુકો |
|---|---|---|---|---|---|---|
| ૧ | અરવલ્લી | Institute of Kidney Diseases and Research Center, Ahmedabad, | શામળાજી ખાતે નવીન ડાયાલીસીસ સેન્ટર બનાવવા બાબત | ૩૬.૦૦ | ડાયાલીસીસ સેન્ટર | શામળાજી |
| ૨ | અરવલ્લી | તાલુકા વિકાસ અધિકારીશ્રી, ભિલોડા | દહેગામડા ગલપુર ગામે અસારી ફળિયામાં સી.સી.રોડ | ૩.૦૦ | સી.સી.રોડ | દહેગામડા ગલપુર/ ભિલોડા |
| ૩ | અરવલ્લી | તાલુકા વિકાસ અધિકારીશ્રી, ભિલોડા | કુંડોલ(દહે) ગામે બારિયા ફળીથી પ્રા.શાળા તરફ ખૂટતી કડીનો સી.સી.રોડ | ૪.૦૦ | સી.સી.રોડ | કુંડોલ(દહે)/ ભિલોડા |
| ૪ | અરવલ્લી | તાલુકા વિકાસ અધિકારીશ્રી, મેઘરજ | જામગઢ વિરમ વકસી ના ઘર તરફ સી.સી.રોડનું કામ | ૫.૦૦ | સી.સી.રસ્તો | જામગઢ/ મેઘરજ |
| ૫ | અરવલ્લી | તાલુકા વિકાસ અધિકારીશ્રી, મેઘરજ | જામગઢ હોળી ચકલાથી કપુરાના કુવા તરફ જતા રોડ પર ગરનાળાનું કામ | ૫.૦૦ | ગરનાળું | જામગઢ/ મેઘરજ |
| ૬ | નવસારી | મદદનીશ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, નવસારી | નવસારી જિલ્લાની આદર્શ નિવાસી શાળાઓ, આશ્રમશાળાઓ અને સરકારી તેમજ ગ્રાન્ટ ઇન એડ છાત્રાલયોમાં બાળકો માટે બંકબેડ અને બેડીંગ સેટની સુવિધા પૂરી પાડવાની યોજના | ૫૦.૦૦ | બેડીંગ સેટ અને બંકબેડ | નવસારી |
| ૭ | નવસારી | કા.ઇ.શ્રી, પંચાયત માર્ગ મ વિભાગ, નવસારી | બામણવાડા પટેલ ફળીયા ખાતે કલીયારી મીઇન રોડથી ચીમનભાઇ છીતલભાઇના ઘર સુધીના રસ્તાનુ કામ | ૩૫.૦૦ | રસ્તો | બામણવાડા તા. ચીખલી |
| ૮ | નવસારી | કા.ઇ.શ્રી, પંચાયત માર્ગ મ વિભાગ, નવસારી | ફડવેલ ગામે લાઇબ્રેરીનુ કામ | ૧૦.૦૦ | લાઇબ્રેરી | ફડવેલ તા. ચીખલી |
| ૯ | નવસારી | કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત માર્ગ મ વિભાગ, નવસારી | ખેરગામ વલસાડ મુખ્ય રસ્તાથી વાવ સવિતા ફળીયા થઇ ખેરગામ વાવને જોડતો રસ્તાનું કામ | ૨૦.૦૦ | રસ્તો | ખેરગામ, વાવ તા.ખેરગામ |
| ૧૦ | નવસારી | કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત માર્ગ મ વિભાગ, નવસારી | રૂમલા નિશાળ ફળિયાથી હળપતિવાસથી સ્ટેટ હાઈવે જોડતો રસ્તો | ૨૫.૦૦ | રસ્તો | રૂમલા |
| ૧૧ | નવસારી | કા.ઇ.શ્રી, પંચાયત માર્ગ મ વિભાગ, નવસારી | દેગામ કુવાગોલ ફળીયા ખાતે સમશાનભુમીનું કામ | ૭.૦૦ | સ્મશાનભુમીનું કામ | દેગામ તા.ચીખલી |
| ૧૨ | નવસારી | તા.વિ.અ.શ્રી, ખેરગામ | વાડ ઉંચા બેડા જલારામ ફળીયા ખાતે શેડના કામ માટે | ૫.૦૦ | શેડ | વાડ તા.ખેરગામ |
| ૧૩ | નવસારી | કા.ઇ.શ્રી, પંચાયત માર્ગ મ વિભાગ, નવસારી | પ્રધાનપાડા નદી ફળીયું નહેર પરથી કમલેશભાઇના ઘર સુધી | ૧૫.૦૦ | રસ્તો | પ્રધાનપાડા ચીખલી તા. |
| ૧૪ | નવસારી | કા.ઇ.શ્રી, પંચાયત માર્ગ મ વિભાગ, નવસારી | બહેજ ગામે રૂપા ભવાની ફળીયામાં લાયબ્રેરી હોલનું કામ | ૧૦.૦૦ | લાયબ્રેરી હોલ | બહેજ ખેરગામ તા. |
| ૧૫ | નવસારી | તા.વિ.અ.શ્રી, ગણદેવી | ધકવાડા તા. ગણદેવી ખાતે સ્વચ્છતાના ઉપયોગ હેતુ સેગ્રીગેશન શેડનુ કામ | ૧૫.૦૦ | શેડ | ધકવાડા |
| ૧૬ | નવસારી | કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત માર્ગ મ વિભાગ, નવસારી | બારતાડ (ખા) ગામે બલ્લાબારી ફળીયામાં બારતાડ- પાટી મેઇન રોડથી સુરેશ બી ચૌધરી વગેરેના ઘરો સુધી સી.સી.રસ્તાનું કામ | ૧૫.૦૦ | સી.સી.રસ્તો | બારતાડ (ખા) તા.વાંસદા |
| ૧૭ | નવસારી | કા.ઇ.શ્રી. પંચાયત માર્ગ મ વિભાગ, નવસારી | રૂમલા ગામે નિશાળ ફળીયાથી હળપતિવાસથી સ્ટેટ હાઇવેને જોડતો રસ્તો | ૨૫.૦૦ | રસ્તાનુ કામ | રૂમલા તા.ચીખલી |
| ૧૮ | આહવા-ડાંગ | આદિજાતિ વિકાસ અધિકારીશ્રી, ડાંગ-આહવા | ડાંગ જીલ્લાની આ.શા.ઓમાં સોલાર વોટર હીટર પુરા પાડવાની યોજના. (૧૪ આ.શા.) (GEDA ની યુનીટ કોસ્ટ અને ધારાધોરણ મુજબ) | ૭૦.૦૦ | ૧૪ સોલાર વોટર હીટર | ડાંગ જીલ્લો |
| ૧૯ | આહવા-ડાંગ | મદદનીશ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ડાંગ-આહવા | અનુદાનિત આશ્રમશાળા રંભાસ ખાતે બેડીંગ સેટ પુરા પાડવાની યોજના. તા. વઘઈ | ૪.૮૦ | 20 બેડીંગ સેટ | રંભાસ/ વઘઈ |
| ૨૦ | આહવા-ડાંગ | મદદનીશ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ડાંગ-આહવા | અનુદાનિત આશ્રમશાળા ગૌહાણ ખાતે બેડીંગ સેટ પુરા પાડવાની યોજના. તા. સુબિર | ૪.૮૦ | 20 બેડીંગ સેટ | ગૌહાણ/ સુબિર |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨૧ | આહવા-ડાંગ | મદદનીશ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ડાંગ-આહવા | અનુદાનિત આશ્રમશાળા પીંપરી ખાતે બેડીંગ સેટ પુરા પાડવાની યોજના. તા. વઘઈ | ૪.૮૦ | 20 બેડીંગ સેટ | પીંપરી/ આહવા |
| ૨૨ | આહવા-ડાંગ | મદદનીશ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ડાંગ-આહવા | અનુદાનિત આશ્રમશાળા શિંગાણા ખાતે બેડીંગ સેટ પુરા પાડવાની યોજના. તા. વઘઈ | ૪.૮૦ | 20 બેડીંગ સેટ | શિંગાણા/ સુબિર |
| ૨૩ | આહવા-ડાંગ | મદદનીશ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ડાંગ-આહવા | અનુદાનિત આશ્રમશાળા ગૌહાણ ખાતે બંકબેડ પુરા પાડવાની યોજના. તા. સુબિર | ૩.૫૦ | 20 બંકબેડ | ગૌહાણ/ સુબિર |
| ૨૪ | આહવા-ડાંગ | મદદનીશ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ડાંગ-આહવા | અનુદાનિત આશ્રમશાળા પીંપરી ખાતે બંકબેડ પુરા પાડવાની યોજના. તા. વઘઈ | ૩.૫૦ | 20 બંકબેડ | પીંપરી/ આહવા |
| ૨૫ | આહવા-ડાંગ | મદદનીશ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ડાંગ-આહવા | અનુદાનિત આશ્રમશાળા શિંગાણા ખાતે બંકબેડ પુરા પાડવાની યોજના. તા. વઘઈ | ૩.૫૦ | 20 બંકબેડ | શિંગાણા/ સુબિર |
| ૨૬ | આહવા-ડાંગ | મદદનીશ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ડાંગ-આહવા | સરકારી મા.શાળા આહવાની કુમાર છાત્રાલય ખાતે બેડીંગ સેટ પુરા પાડવાની યોજના. તા. વઘઈ | ૪.૮૦ | 20 બેડીંગ સેટ | આહવા/ આહવા |
| ૨૭ | આહવા-ડાંગ | મદદનીશ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ડાંગ-આહવા | સરકારી મા.શાળા વઘઈની કુમાર છાત્રાલય ખાતે બેડીંગ સેટ પુરા પાડવાની યોજના. તા. વઘઈ | ૪.૮૦ | 20 બેડીંગ સેટ | વઘઈ/ વઘઈ |
| ૨૮ | આહવા-ડાંગ | મદદનીશ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ડાંગ-આહવા | સરકારી મા.શાળા પીપલદહાડની ખાતે બેડીંગ સેટ પુરા પાડવાની યોજના. તા. વઘઈ | ૪.૮૦ | 20 બેડીંગ સેટ | પીપલદહાડ/ સુબિર |
| ૨૯ | આહવા-ડાંગ | મદદનીશ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ડાંગ-આહવા | અનુદાનિત આશ્રમશાળા રંભાસ ખાતે બેન્ચીસ પુરા પાડવાની યોજના. તા. વઘઈ | ૪.૦૮ | ૬૦ બેન્ચીસ | રંભાસ/ વઘઈ |
| ૩૦ | છોટાઉદેપુર | કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત બાંધકામ, જિ.પં.છોટાઉદેપુર | સંખેડા ખાતે તડવી સમાજ ભવનમાં બિરસામુંડા લાયબ્રેરી હોલમાં ફ્લોરીંગ તથા ફર્નીચરનું કામ | ૨૫.૦૦ | ફ્લોરીંગ તથા ફર્નીચર | મું.સંખેડા, તા.સંખેડા |
| ૩૧ | તાપી | મદદનીશ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, તાપી | તાપી જિલ્લાની આદર્શ નિવાસી શાળાઓ, આશ્રમશાળાઓ અને સરકારી તેમજ ગ્રાન્ટ ઇન એડ છાત્રાલયોમાં બાળકો માટે બંકબેડ અને બેડીંગ સેટની સુવિધા પુરી પાડવાની યોજના | ૫૦.૦૦ | બેડીંગ સેટ અને બંકબેડ | તાપી |
| ૩૨ | તાપી | અધીક્ષક ઇજનેર, ઉકાઇ વર્તુળ (સિવિલ), ઉકાઇ | ઉદવહન સિંચાઇ યોજના દુમદા-૧ | ૧૫૦.૦૦ | સિંચાઇ યોજના | તાપી |
| ૩૩ | દાહોદ | નાયબ પશુપાલન અધિકારીશ્રી,દાહોદ | પ્રાયોજના વિસ્તારના આદિજાતિ ખેડૂતોને નોવલ ગુજકો ધારામૃત ઓર્ગેનિક લીકવીડ ન્યુટ્રેઇન આપવાની યોજના. | ૨૫.૦૦ | નોવલ ગુજકો ધારામૃત ઓર્ગેનિક લીકવીડ ન્યુટ્રેઇન આપવા | દાહોદ જિ. |
| ૩૪ | દાહોદ | કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત મા અને મ વિભાગ દાહોદ | જાંબુઆ ગામે પાટીયા ફળિયા, ગાંગરડા તરફ જતા રસ્તાપર કાળી નદીપર કોઝવેનું કામ | ૧૦.૦૦ | કોઝવે | જાંબુઆ, તા.ગરબાડા |
| ૩૫ | દાહોદ | તાલુકા વિકાસ અધિકારીશ્રી,સીંગવડ | રાણીપુરા ગામે મુખ્ય રસ્તાથી ભાભોર સરતન પુંજાભાઇના ઘર સુધી સી.સી.રસ્તાનું કામ. | ૫.૦૦ | સી.સી. રોડ | સીંગવડ |
| ૩૬ | દાહોદ | તાલુકા વિકાસ અધિકારીશ્રી,સીંગવડ | દાસા ગામે ભાભોર ફૂલાના ફળીયામાં ચેકડેમનું કામ. | ૫.૦૦ | ચેકડેમ | સીંગવડ |
| ૩૭ | દાહોદ | તાલુકા વિકાસ અધિકારીશ્રી,સીંગવડ | રાણીપુરા ગામે મુખ્ય રસ્તાથી બારિયા કનજીભાઇ દલાભાઇના ઘર સુધી સી.સી. રસ્તાનું કામ. | ૫.૦૦ | સી.સી. રોડ | સીંગવડ |
| ૩૮ | પંચમહાલ, ગોધરા | તાલુકા વિકાસ અધિકારીશ્રી, જાંબુઘોડા | પંચમહાલ જિલ્લાના છૂટાછવાયા પ્રાયોજના વિસ્તારના દાંડિયાપુરા ગામે શહીદ રૂપસિન્હ નાયકનું સ્મારક બનાવવાની યોજના | ૫.૦૦ | સ્મારક બનાવવાની કામગીરી | પંચમહાલ |
| ૩૯ | પંચમહાલ, ગોધરા | તાલુકા વિકાસ અધિકારીશ્રી, જાંબુઘોડા | પંચમહાલ જિલ્લાના છૂટાછવાયા પ્રાયોજના વિસ્તારના દાંડિયાપુરા ગામે શહીદ રૂપસિન્હ નાયકનું સ્મારક માટે બેઝ બનાવવાની યોજના | ૫.૦૦ | સ્મારક ઉભું કરવા માટે ઓટલો, સીડી બનાવવાની કામગીરી | પંચમહાલ |
| ૪૦ | પંચમહાલ, ગોધરા | તાલુકા વિકાસ અધિકારીશ્રી, જાંબુઘોડા | કાટકોઇ ગામે નાયક ફ.માં સી.સી. રોડનું કામ | ૫.૦૦ | સી.સી. રોડનું કામ | પંચમહાલ |
| ૪૧ | પંચમહાલ, ગોધરા | તાલુકા વિકાસ અધિકારીશ્રી, જાંબુઘોડા | સાડડા ગામે નાયક ફળીયામાં કોતર પર ડીપ નાળાનું કામ | ૫.૦૦ | ડીપ નાળાનું કામ | પંચમહાલ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૪૨ | પંચમહાલ, ગોધરા | તાલુકા વિકાસ અધિકારીશ્રી, જાંબુઘોડા | સાદડા ગામે આદિવાસી ફળીયામાં સી.સી. રોડનું કામ | ૫.૦૦ | સી.સી. રોડનું કામ | પંચમહાલ |
| ૪૩ | પંચમહાલ, ગોધરા | તાલુકા વિકાસ અધિકારીશ્રી, જાંબુઘોડા | કાટકોઇ ગામે આદિવાસી ફળીયામાં કોતર પર ડીપ નાળાનું કામ | ૫.૦૦ | ડીપ નાળાનું કામ | પંચમહાલ |
| ૪૪ | પંચમહાલ, ગોધરા | તાલુકા વિકાસ અધિકારીશ્રી, જાંબુઘોડા | પનિયાર ગામે આદિવાસી ફળિયામાં સી.સી. રોડનું કામ | ૫.૦૦ | સી.સી. રોડનું કામ | પંચમહાલ |
| ૪૫ | પંચમહાલ, ગોધરા | તાલુકા વિકાસ અધિકારીશ્રી, જાંબુઘોડા | કારીયાવાવ ગામે આદિવાસી ફળીયામાં સી.સી. રોડનું કામ | ૫.૦૦ | સી.સી. રોડનું કામ | પંચમહાલ |
| ૪૬ | પંચમહાલ, ગોધરા | તાલુકા વિકાસ અધિકારીશ્રી, જાંબુઘોડા | કેવા ગામે રાઠવા ફળીયા તરફ જતા કોતર પર ડીપ નાળાનું કામ | ૫.૦૦ | ડીપ નાળાનું કામ | પંચમહાલ |
| ૪૭ | પંચમહાલ, ગોધરા | તાલુકા વિકાસ અધિકારીશ્રી, જાંબુઘોડા | પનિયારા ગામે આદિવાસી ફળીયામાં કોતર પર ડીપનું કામ | ૫.૦૦ | ડીપ નાળાનું કામ | પંચમહાલ |
| ૪૮ | પંચમહાલ, ગોધરા | મદદનીશ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ગોધરા | પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૨૦-૨૧ માં નવિન મંજૂર થયેલ જાંબુઘોડા તાલુકાની આદર્શ નિવાસી શાળા જાંબુઘોડા માટે ભૌતિક સુવિધા | ૧૫.૦૦ | બેન્ચીસ, ગાદલા, ચાદર, ઓશીકા, ધાબળા, વોટર કૂલર, સ્પોર્ટસ કીટસ વિગેરે. | પંચમહાલ |
| ૪૯ | પંચમહાલ, ગોધરા | મદદનીશ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ગોધરા | પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૨૦-૨૧ માં નવિન મંજૂર થયેલ ઘોઘંબા તાલુકાની આદર્શ નિવાસી શાળા ઘોઘંબા માટે ભૌતિક સુવિધા | ૧૫.૦૦ | બેન્ચીસ, ગાદલા, ચાદર, ઓશીકા, ધાબળા, વોટર કૂલર, સ્પોર્ટસ કીટસ વિગેરે. | પંચમહાલ |
| ૫૦ | પાલનપુર, બનાસકાંઠા | પી. ઓ. કમ ટી.ટી.ઓ દાંતા | આદિવાસી આશ્રમશાળા મા.શા. અને ઉચ્ચતર મા. આશ્રમશાળા ટુંડીયા તા.દાંતા માટે સોલર સિસ્ટમ લાવવા માટે.(GEDA ની યુનીટ કોસ્ટ અને ધારાધોરણ મુજબ) | ૨૦.૦૦ | સોલાર સિસ્ટમ | ટુંડીયા.દાંતા |
| ૫૧ | પાલનપુર, બનાસકાંઠા | પી. ઓ. કમ ટી.ટી.ઓ દાંતા | આદિવાસી આશ્રમશાળા મા.શા. અને ઉચ્ચતર મા. આશ્રમશાળા વાઘડાચા તા.દાંતા માટે સોલર સિસ્ટમ લાવવા માટે.(GEDA ની યુનીટ કોસ્ટ અને ધારાધોરણ મુજબ) | ૨૦.૦૦ | સોલાર સિસ્ટમ | વાઘડાચા.દાંતા |
| ૫૨ | પાલનપુર, બનાસકાંઠા | પી. ઓ. કમ ટી.ટી.ઓ દાંતા | આદિવાસી આશ્રમશાળા ઉ.બુ અને ઉચ્ચતર ઉ.બુ આશ્રમશાળા ગોરાડ તા.દાંતા માટે સોલર સિસ્ટમ લાવવા માટે.(GEDA ની યુનીટ કોસ્ટ અને ધારાધોરણ મુજબ) | ૨૦.૦૦ | સોલાર સિસ્ટમ | ગોરાડ.દાંતા |
| ૫૩ | પાલનપુર, બનાસકાંઠા | તાલુકા પંચાયત અમીરગઢ | રામપુરા(વ) ગામે ઉપલા કંસારાથી જાલીયાફળી સુધી સી.સી.રોડનુ કામ | ૫.૩૦ | સી.સી.રોડ | રામપુરા, અમીરગઢ |
| ૫૪ | પાલનપુર, બનાસકાંઠા | તાલુકા પંચાયત અમીરગઢ | અજાપુર વાંકા ગામે ખરાડીવાસમાં સી.સી.રોડનુ કામ | ૪.૫૦ | સી.સી.રોડ | અજાપુરાવાંકા, અમીરગઢ |
| ૫૫ | પાલનપુર, બનાસકાંઠા | તાલુકા પંચાયત અમીરગઢ | સોનવાડી ગામે ખરાડીવાસ તરફ જતા રસ્તા ઉપર ખરવટનું કામ | ૬.૧૦ | ખરવટનું કામ | સોનવાડી, અમીરગઢ |
| ૫૬ | પાલનપુર, બનાસકાંઠા | તાલુકા પંચાયત અમીરગઢ | ટાઢોડી પાકા રોડથી મહુડીપરા સુધી સી.સી.રોડનુ કામ | ૭.૫૦ | સી.સી.રોડ | ટાઢોડી, અમીરગઢ |
| ૫૭ | માડવી, સુરત | કાર્ય પાલક ઇજનેરશ્રી, (મા×મ) સ્ટેટ-સુરત | સરકારી કુમાર છાત્રાલય-વાંકલ તા.માંગરોલના ભોજનાલયનુ એક્ષટેન્શન કરવા બાબત. | ૧૦.૦૦ | ભોજનાલય | વાંકલ, માંગરોળ |
| ૫૮ | રાજપીપલા, નર્મદા | નાયબ વનસંરક્ષકશ્રી, નર્મદા વન વિભાગ | આદિજાતિ ખેડૂતો/ એફ.આર.એ. ના ખેડૂતોને માટે ખેત ઉપયોગીસામુહિક બાયોગેસ પ્લાન્ટ બનાવી આપવાની યોજના (સબંધિત વિભાગના માન્ય યુનિટ કોસ્ટ અને ધારાધોરણ મુજબ ) | ૧૦૮.૦૦ | બાયોગેસ પ્લાન્ટ | નર્મદા જી. |
| ૫૯ | રાજપીપલા, નર્મદા | કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત મા અને મ વિભાગ, નર્મદા | શ્રી નર્મદા ઉત્કર્ષ ચેરીટેબલ ટ્રસ્ટ, સુંદરપુરા સંચાલિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં પુસ્તકાલયનું બાંધકામ અને ભૌતિક સુવિધાનું કામ | ૫૧.૫૦ | પુસ્તકાલયનું બાંધકામ અને ભૌતિક સુવિધા | ગરૂડેશ્વર |
| ૬૦ | લુણાવાડા, મહિસાગર | તાલુકા વિકાસ અધિકારીશ્રી કડાણા | મહાપુર ગામે સરકારી કોતર પર ચેકડેમ | ૫.૦૦ | મહાપુર ગામે સરકારી કોતર પર ચેકડેમ | કડાણા |
| ૬૧ | લુણાવાડા, મહિસાગર | તાલુકા વિકાસ અધિકારીશ્રી કડાણા | લેબાની વાવો અર્બુદા મંદિર પાસે કોતર પર પ્રોટેક્શન વોલનું કામ | ૫.૦૦ | લેબાની વાવો અર્બુદા મંદિર પાસે કોતર પર પ્રોટેક્શન વોલનું કામ | કડાણા |
| ૬૨ | લુણાવાડા, મહિસાગર | તાલુકા વિકાસ અધિકારીશ્રી કડાણા | મહાપુર ગામે ચેલા પગીની મુવાડી મુખ્ય રસ્તાથી રાયસીંગભાઈ પગીના ઘર સુધી સી સી રોડ | ૫.૦૦ | મહાપુર ગામે ચેલા પગીની મુવાડી મુખ્ય રસ્તાથી રાયસીંગભાઈ પગીના ઘર સુધી સી સી રોડ | કડાણા |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૬૩ | લુણાવાડા, મહિસાગર | તાલુકા વિકાસ અધિકારીશ્રી કડાણા | કાજળી ગામે સાલીયાબીડ સરકારી કોતર પર ચેકડેમનું કામ | ૫.૦૦ | કાજળી ગામે સાલીયાબીડ સરકારી કોતર પર ચેકડેમનું કામ | કડાણા |
| ૬૪ | લુણાવાડા, મહિસાગર | તાલુકા વિકાસ અધિકારીશ્રી સંતરામપુર | ઉખરેલી ગામે મુખ્ય રસ્તાથી કટારા ફળીયા નાળાનું કામ | ૫.૦૦ | ઉખરેલી ગામે મુખ્ય રસ્તાથી કટારા ફળીયા નાળાનું કામ | સંતરામપુર |
| ૬૫ | લુણાવાડા, મહિસાગર | તાલુકા વિકાસ અધિકારીશ્રી સંતરામપુર | કોતરા ગામે સરકારી કોતર પર ચેકડેમનું કામ | ૫.૦૦ | કોતરા ગામે સરકારી કોતર પર ચેકડેમનું કામ | સંતરામપુર |
| ૬૬ | લુણાવાડા, મહિસાગર | તાલુકા વિકાસ અધિકારીશ્રી સંતરામપુર | એન્દ્રા સરકારી કોતર પર ચેકડેમનું કામ | ૫.૦૦ | એન્દ્રા સરકારી કોતર પર ચેકડેમનું કામ | સંતરામપુર |
| ૬૭ | લુણાવાડા, મહિસાગર | તાલુકા વિકાસ અધિકારીશ્રી સંતરામપુર | ભંડારા ગામે મુખ્ય રસ્તાથી બોડીકુબા ફળીયા સી સી રોડનું કામ | ૫.૦૦ | ભંડારા ગામે મુખ્ય રસ્તાથી બોડીકુબા ફળીયા સી સી રોડનું કામ | સંતરામપુર |
| ૬૮ | લુણાવાડા, મહિસાગર | તાલુકા વિકાસ અધિકારીશ્રી, સંતરામપુર | ગાડિયા ગામે કોબા(ફ) કોતર ચેકડેમ | ૩.૦૦ | ચેકડેમ | સંતરામપુર |
| ૬૯ | લુણાવાડા, મહિસાગર | તાલુકા વિકાસ અધિકારીશ્રી, સંતરામપુર | બાબરી ગામે વળવાઈ(ફ)થી સંગાડા(ફ) તરફ જતો રસ્તો | ૩.૦૦ | રસ્તો | સંતરામપુર |
| ૭૦ | લુણાવાડા, મહિસાગર | તાલુકા વિકાસ અધિકારીશ્રી, સંતરામપુર | આજણવા ગામે ગોરી નરવતભાઈ લક્ષ્મણભાઈના સર્વે નંબરમાં ચેકડેમ | ૩.૦૦ | ચેકડેમ | સંતરામપુર |
| ૭૧ | લુણાવાડા, મહિસાગર | તાલુકા વિકાસ અધિકારીશ્રી, સંતરામપુર | વાંકડી મુખ્ય રસ્તાથી ખરાડી(ફ) ડુંગરાભીતનો સી.સી. રસ્તો | ૩.૦૦ | સી.સી.રસ્તો | સંતરામપુર |
| ૭૨ | લુણાવાડા, મહિસાગર | તાલુકા વિકાસ અધિકારીશ્રી, સંતરામપુર | સિંગલગઢ ડુંગળભીત ડામોર(ફ)માં સી.સી. રસ્તો | ૩.૦૦ | સી.સી.રસ્તો | સંતરામપુર |
| ૭૩ | લુણાવાડા, મહિસાગર | તાલુકા વિકાસ અધિકારીશ્રી, સંતરામપુર | પાંચમુવ ગામે સમશાન ઘરથી મેઈન રસ્તા | ૩.૦૦ | રસ્તો | સંતરામપુર |
| ૭૪ | લુણાવાડા, મહિસાગર | તાલુકા વિકાસ અધિકારીશ્રી, સંતરામપુર | ઝાલદડા ગામે બામણીયા અરવિંદભાઈના ઘરેથી વિક્રમભાઈ સુધી રસ્તો | ૩.૦૦ | રસ્તો | સંતરામપુર |
| ૭૫ | લુણાવાડા, મહિસાગર | તાલુકા વિકાસ અધિકારીશ્રી, સંતરામપુર | તળાવ મુવાડા ગામે મેઈન રસ્તાથી સર્વે નં.૧૨૦ ચેકડેમ | ૩.૦૦ | ચેકડેમ | સંતરામપુર |
| ૭૬ | લુણાવાડા, મહિસાગર | તાલુકા વિકાસ અધિકારીશ્રી, સંતરામપુર | લીમડી ગામે ડોળી મુખ્ય રોડથી વિકમભાઈના ઘર તરફ જતો રસ્તો | ૩.૦૦ | રસ્તો | સંતરામપુર |
| ૭૭ | લુણાવાડા, મહિસાગર | તાલુકા વિકાસ અધિકારીશ્રી, સંતરામપુર | ચુથાના મુવાડા ગામે સર્વે નં.૧૭૨ની બાજુમાં ચેકડેમનું કામ | ૩.૦૦ | ચેકડેમ | સંતરામપુર |
| ૭૮ | લુણાવાડા, મહિસાગર | તાલુકા વિકાસ અધિકારીશ્રી, સંતરામપુર | કાળીબેલ ગામે સર્વે નં.૨૧ની બાજુમાં ચેકડેમનું કામ | ૩.૦૦ | ચેકડેમ | સંતરામપુર |
| ૭૯ | લુણાવાડા, મહિસાગર | તાલુકા વિકાસ અધિકારીશ્રી, સંતરામપુર | આંબા ગામે પાકા રસ્તાથી માલીવાડ ફળીયા તરફ જતો સી.સી. રસ્તો | ૩.૦૦ | સી.સી.રસ્તો | સંતરામપુર |
| ૮૦ | લુણાવાડા, મહિસાગર | તાલુકા વિકાસ અધિકારીશ્રી, સંતરામપુર | આબલીયાત ગામે મુખ્ય રસ્તાથી નદી (ફ) તરફ જતો રસ્તો | ૩.૦૦ | રસ્તો | સંતરામપુર |
| ૮૧ | લુણાવાડા, મહિસાગર | તાલુકા વિકાસ અધિકારીશ્રી, સંતરામપુર | વેણા ગામે ડોકટર(ફ) તરફ આર.સી.સી. રસ્તો | ૩.૦૦ | સી.સી.રસ્તો | સંતરામપુર |
| ૮૨ | લુણાવાડા, મહિસાગર | તાલુકા વિકાસ અધિકારીશ્રી, સંતરામપુર | ડોળી ગામે દિવાળી ધાટીથી કટારા(ફ) તરફ રાજેશભાઈના ઘર તરફનો રસ્તો | ૩.૦૦ | રસ્તો | સંતરામપુર |
| ૮૩ | લુણાવાડા, મહિસાગર | તાલુકા વિકાસ અધિકારીશ્રી, સંતરામપુર | માંચોડ મુખ્ય રસ્તા માંચોડ મહાદેવ મંદિર સુધીનો રસ્તો | ૩.૦૦ | રસ્તો | સંતરામપુર |
| ૮૪ | લુણાવાડા, મહિસાગર | તાલુકા વિકાસ અધિકારીશ્રી, સંતરામપુર | માંચોડ ગામે સાંઢીયાના નાકા ડામર રસ્તાથી પ્રાથમિક શાળાને જોડતો સી.સી. રસ્તો | ૩.૦૦ | રસ્તો | સંતરામપુર |
| ૮૫ | લુણાવાડા, મહિસાગર | તાલુકા વિકાસ અધિકારીશ્રી, સંતરામપુર | સાંઢપાળીયા ગામે મુખ્ય રસ્તાથી ભાથીજીના મંદિર સુધી સીસી. રસ્તો | ૩.૦૦ | સી.સી.રસ્તો | સંતરામપુર |
| ૮૬ | લુણાવાડા, મહિસાગર | તાલુકા વિકાસ અધિકારીશ્રી, સંતરામપુર | મોટીરેલ ગામે રાવળ (ફ) થી સરસવાને જોડતો રસ્તો | ૩.૦૦ | રસ્તો | સંતરામપુર |
| ૮૭ | લુણાવાડા, મહિસાગર | તાલુકા વિકાસ અધિકારીશ્રી, સંતરામપુર | ચુથાના મુવાડા ગામે હાઇવે રસ્તાથી પાંડોર(ફ) તરફ જતો રસ્તો | ૩.૦૦ | રસ્તો | સંતરામપુર |
| ૮૮ | વલસાડ | કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત મા.મ. વિભાગ વલસાડ | અટકપારડી ગામે નવચેતન ધોડીયા સમાજ ભવનમાં બિરસામુંડા ભવન લાઇબેરી ભવનનું કામ | ૩૦.૦૦ | લાઇબ્રેરી ભવન | વલસાડ |
| ૮૯ | વલસાડ | કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત મા.મ. વિભાગ વલસાડ | વિરવલ ગામે દિત્યાબાપા લાઇબેરી હોલનું કામ | ૧૨.૦૦ | લાઇબ્રેરી હોલ | ધરમપુર |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૯૦ | આદર્શ નિવાસી શાળા બ્રાંચ નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, ગાંધીનગર | આદર્શ નિવાસી શાળા બ્રાંચ નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, ગાંધીનગર | ૩૨ વિજ્ઞાન પ્રવાહની આદર્શ નિવાસી શાળાઓમાં લેબોરેટરીમાં સાધનો પૂરા પાડવા બાબત. | ૧૬૦.૦૦ | વિજ્ઞાન પ્રવાહ લેબોરેટરીમાં સાધનો પૂરા પાડવા બાબત. | આદિજાતિ વિસ્તારની ૩૨ વિજ્ઞાન પ્રવાહ ધરાવતી આદર્શ નિવાસી શાળાઓ |
| ૯૧ | ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી (TRI, Gujarat) | ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી (TRI, Gujarat) | પરંપરાગત આદિવાસી નૃત્યકલા : જાળવણી અને પ્રોત્સાહન પ્રોજેક્ટ (ડાંગ અને દાહોદ જિલ્લા ખાતે સાંસ્કૃતિક તાલીમ સેન્ટરો શરુ કરવા બાબત) | ૧૦.૦૦ | સદર પ્રોજેક્ટ અંતર્ગત ડાંગ અને દાહોદ જિલ્લા ખાતે સાંસ્કૃતિક તાલીમ સેન્ટરો શરુ કરવામાં આવશે, આ સેન્ટર ખાતે આદિવાસી નૃત્ય કલાકારોને તાલીમ આપવામાં આવશે. | ડાંગ અને દાહોદ જિલ્લા |
| | | | કુલ | ૧૩૨૪.૩૮ | | |

## પરિશિષ્ટ: (બ)

તા. ૦૭/૧૦/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક: એનજીપી/૨૦૨૨/આયોજન/પી ના મંજૂર કામોમાં થયેલ ફેરફારની યાદી

| તા. ૦૭/૧૦/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક: એનજીપી/૨૦૨૨/આયોજન/પી મુજબ ક્રમાંક | પ્રાયોજના / કચેરી | અમલીકરણ કચેરી/અધિકારી | કામની વિગત | કામગીરીની વિગત | ગામ/ તાલુકો | મંજૂર કરેલ રકમ (રૂ. લાખમાં) | કરેલ ફેરફારની વિગત* |
|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | PA MANDVI | મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, સુરત | માંગરોળ તાલુકામાં ડાયાલીસીસ સેન્ટરની સ્થાપના | ડાયાલીસીસ સેન્ટર | માંગરોળ | ૩૬.00 | અમલીકરણ આધિકારી તરીકે Institute of Kidney Diseases and Research Center, Ahmedabad એ કામગીરી કરવાની રહેશે. |
| ૯૭ | PA SONGADH | મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી,તાપી | વાલોડ તાલુકામાં ડાયાલીસીસ સેન્ટરની સ્થાપના | ડાયાલીસીસ સેન્ટર | વાલોડ | ૩૬.00 | |
| ૧૧૧ | PA GODHARA | મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, પંચમહાલ | ઘોઘંબા તાલુકામાં ડાયાલીસીસ સેન્ટરની સ્થાપના | ડાયાલીસીસ સેંટર | ઘોઘંબા | ૩૬.00 | |
| ૧૩૦ | PA VANSDA | મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, નવસારી | રૂમલા સીએચસી ખાતે ડાયાલીસીસ સેન્ટરની સ્થાપના | ડાયાલીસીસ સેન્ટર | રૂમલા તા. ચીખલી | ૩૬.00 | |
| ૧૩૧ | PA VANSDA | મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, નવસારી | ખેરગામ તાલુકામાં ડાયાલીસીસ સેન્ટરની સ્થાપના | ડાયાલીસીસ સેન્ટર | ખેરગામ | ૩૬.00 | |

*ઉપર્યુક્ત કરેલ ફેરફાર મુજબ કાર્યવાહી કરવાની રહેશે.